# ચૌદમી ગુજરાત વિધાનસભા

## કામકાજ સલાહકાર સમિતિ

### ત્રીજો અહેવાલ

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ, હું કામકાજ સલાહકાર સમિતિનો ત્રીજો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક શનિવાર, તા.૧૬મી ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ સવારના ૧૧-૦૦ વાગ્યે માનનીય અધ્યક્ષશ્રીના સમિતિખંડમાં મળી હતી. સમિતિએ નીચે મુજબની ભલામણો કરી છે.

૧. બુધવાર, તા.૨૦/૨/૨૦૧૯ના રોજની બીજી બેઠકનો સમય એક કલાક વધારવો અને આ વધારેલા સમયમાં ઉક્ત બેઠકનું નિયત કામકાજ એટલે કે રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા કરવી.

૨. ગુરુવાર, તા.૨૧/૨/૨૦૧૯ના રોજની પ્રથમ બેઠકનો સમય એક કલાક વધારવો અને પ્રથમ બેઠકની શરૂઆતના પ્રથમ કલાકમાં રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા કરવી અને ત્યારબાદ તે દિવસનું નિયત કામકાજ એટલે કે પૂરક માંગણીઓ પર ચર્ચા અને મતદાન હાથ ધરવું.

૩. શુક્રવાર, તા.૨૨/૨/૨૦૧૯ના રોજ સભાગૃહની બે બેઠક રાખવી, પ્રથમ બેઠકમાં પૂરક વિનિયોગ વિધેયક તથા વિનિયોગ (લેખાનુદાન) વિધેયક હાથ ધર્યા બાદ સોમવાર, તા.૧૮/૨/૨૦૧૯ના દિવસની કામકાજની યાદીમાં દર્શાવેલ સરકારી વિધેયકો નીચે દર્શાવેલ ક્રમમાં વિચારણા માટે હાથ ધરવા. બીજી બેઠકમાં પ્રથમ બેઠકમાં બાકી રહેલ વિધેયકો વિચારણા માટે હાથ ધરીને તેની વિચારણા પૂરી કરવી. ત્યારબાદ છેલ્લા દિવસનો પ્રસ્તાવ હાથ ધરવો.

(૧) સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૧-સન ૨૦૧૯નું ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (સુધારા) વિધેયક.

(૨) સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૨-સન ૨૦૧૯નું ગુજરાત ગૃહનિર્માણ બોર્ડ (સુધારા) વિધેયક.

(૩) સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૩-સન ૨૦૧૯નું ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) વિધેયક.

(૪) સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૪-સન ૨૦૧૯નું ગુજરાત ખેત-જમીન ટોચ મર્યાદા (સુધારા) વિધેયક.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તારીખઃ ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૧૯**

**રાજેન્દ્ર ત્રિવેદી**
**પ્રમુખ,**
**કામકાજ સલાહકાર સમિતિ**